# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

SAMAST MAHAJAN MEDIA COMMITTEE

ઈ-મેગેઝીન • વર્ષ : ૪ • સળંગ અંક : ૨૦૮ • તા.૦૪ થી ૧૦ જુન ૨૦૨૨

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, Room No. 3, Ground Floor, Anantsidhi Jain Mandir, Opp. Badwaik Hospital, 107, L.B.S. Road, Bhandup (West), Mumbai - 78.


# શ્રી સમસ્ત ક.દ.ઓ. જૈન મહાજનની
# દિવ્યાંગ સમિતિની યોજનામાં
# દાતાશ્રીઓની કૂણી લાગણી





KDO

દિવ્યાંગ





# insurancekhoj.com™

**the ultimate stop for insurance™**

#404, BPS PLAZA, DEVI DAYAL ROAD, MULUND (W), MUMBAI - 400080.

90049 99900 / 93221 37737 79771 01415 insurancekhoj@gmail.com

LOCATIONS : GUJARAT | MAHARASHTRA | MADHYA PRADESH | KARNATAKA



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા


**-: સંપાદક ગણ :-**

**નીશિથ આનંદ દંડ**

**જયંત વસનજી છેડા**

**રાજેન્દ્ર મણિલાલ ખોના**

**પ્રવીણ હંસરાજ લોડાયા**

**કીર્તિકુમાર ધનજી ધરમશી**

**-: કાર્યાલય :-**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**

3, Anant Siddhi Building, Gr. Floor, LBS Marg, Bhandup (West), Mumbai - 400 078.

**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**

http://www.kdosm.org

Email :

gyatimaiya2018@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.


## અમારી વાત...

### સંપાદક સ્થાનેથી

# સુખ અને દુ:ખ એ સ્વભાવની અવસ્થા

સુખ અને દુ:ખ જીવનમાં વણાયેલા તત્વો છે. જે એકબીજા સાથે એટલા બધા ગાઢ જોડાયેલા છે. જે કદી કોઈ કાળે કોઈનાથી અલગ પાડી શકાતા નથી. દુ:ખ એટલે આપણે આપણા સંબંધો પર રાખેલી અપેક્ષાઓ. જે આપણી કલ્પના મુજબ સાકાર ન થાય એટલે દુ:ખ લાગે અને જો અનુકુળ રીતે આપણાને મનગમતી રીતે અપેક્ષાઓ પૂર્ણ થતી જાય એટલે એ સુખને સુખ માત્ર લાગે. અપેક્ષાની શરૂઆત થાય પણ એ ક્યાંય વિરામ ન લે અને અવિરત આગળ વધતી રહે છે. આ લોભને લાલચની અવસ્થા છે. જે ન ક્યાંય વિરામ લે કે ન બે ઘડી જંપવા દે. સામેવાળા જ્યારે આપણી અપેક્ષાની વિરૂધ્ધ કંઈ કરે એટલે આપણે દુ:ખી થઈ જઈ એ છીએ. સુખી કે દુ:ખી થવાનો આ શોર્ટકટ બીજાની આધારિત છે. એટલે આપણા સુખની કે આપણા દુ:ખની ચાવી અન્ય પાસે છે. આ કેવી પરવશ અવસ્થા? કોઈની પર અપેક્ષાની લાગણી રાખવી એ બહુ મોટી જવાબદારી આપણે અન્ય પર રાખી દઈએ છીએ. જે એ બોજ ઉઠાવવા કાબેલ છે, સશક્ત છે એ આપણે જોતા નથી.

અન્ય લોકો આપણી વિષે શું વિચારશે, શું કહેશે એનો વિચાર આપણને માટે અગત્યનો હોય છે. એ જ નજર સમક્ષ રાખી આપણો વ્યવહાર થાય છે. જે ચિંતા કે ખુશીનો કારણ બને છે. લોકો આપણા વિષે શું વિચારતા હશે એનાથી આપણને ઘણો ફરક પડે છે. જ્યારથી આ આધારભૂત હકીકત બદલાશે ત્યારે આપણા દુ:ખી થવાનો અડધો ભાગ ઓછો થઈ જશે. આપણા દુ:ખનું અન્ય એક મુખ્ય કારણ એ છે કે આપણે કોઈને માફ નથી કરતા. જેણે કર્યું, જે કહ્યુ કે જેણે કર્મ આચર્યું એ ભૂલીને આપણે વિશાળ મન રાખી, ઉદારતાપૂર્વક એને વિસારે પાડી દઈએ. સામેવાળો માફી માંગે કે ન માંગે આપણે સફેદ ઝંડી ઊંચી કરી સુલેહતાપૂર્વક વ્યવહાર રાખીએ. આ સંબંધ સુધરવાનો પ્રથમ સોપાન થઈ રહેશે.

આપણી હેસીયત સુખને બરાબર ઝીલીને તેને આવકારીએ છીએ. તેને ખભે ઊંચકીને સડસડાટ દોટ કાઢીએ છીએ. પણ નજીવા જેવા દુ:ખનો બોજો અસહ્ય લાગે છે. આપણા ઉપર કોઈ દુ:ખની છાયા, પડે તો પણ આપણને લાગે છે કે આખા વિશ્વનો ભાર આપણા ખભા ઉપર પડી ગયો છે. દુ:ખોના પહાડ આપણી પર તૂટી પડ્યાં છે એવો દર્દ, એવો અહેસાસનો અનુભવ થાય છે પણ હકીકતમાં મુસીબતો જ આપણને પરિપક્વ બનાવે છે. તે જ આપણને ધૈર્ય રાખવાનું, હોંસલો રાખવાનું અને દર્દ, દુ:ખને કે અણધાર્યા વિપરીત સંજોગોને ન ગણકારવાની શીખને સમજણ આપે છે.

પદ, પ્રતિષ્ઠા, પૈસા કે અનુકુળ પરિસ્થિતિ સુખી થવાની ખાતરી આપતા નથી પણ સુખ તો સમજણથી મળે છે. સમતા, અને સક્ષમતા, સમજણ અને શાલીનતાના ઉપયોગથી આપણો દ્રષ્ટિકોણ સુખી કે દુ:ખી થવાની દ્રષ્ટિ કેળવે છે. બાકી બીજા કોઈનું ગજું નથી કે આપણને સુખી કે દુ:ખી કરી શકે. આમ આપણે સુખી થઈ એ કે દુ:ખી થઈએ માટે અન્યો નહીં પણ આપણે જ જવાબદાર હોઈએ છીએ. આપણો સ્વભાવ, આપણો દ્રષ્ટિકોણ અને આપણા વિચાર આચારની તરેહ જ આ માટે કારણભૂત છે.

– જય જ્ઞાતિમૈયા

# સાચો ત્યાગ સામર્થ્યથી



નીશિથ દંડ (સેક્રેટરી જનરલ)

જૈન ધર્મમાં ત્યાગનું અનેરું મહત્વ છે. ત્યાગ એ સાધનાની સીડી છે. પંડિત સૂત્રની એક ગાથામાં પણ ત્યાગનો મહિમા સમજાવવામાં આવ્યો છે. પરંતુ ત્યાગ શું છે? કંઈ રીતે ત્યાગ થઈ શકે એ પણ સમજવું જરૂરી છે. માત્ર વસ્તુઓ છોડી દેવાથી ત્યાગી બની શકાતું નથી અને ત્યાગ ન કર્યો હોય એ આપણી પાસે હોય તો આપણે ભોગી છીએ એવું પણ નથી જ.

કોઈ વસ્તુ સાથે કેટલા આપણે બંધાયેલા છીએ અથવા અલિપ્ત છીએ તેની ઉપર બધો આધાર છે. કેટલીક વખત માણસને નાની કે નકામી ચીજ પ્રત્યે પણ એટલું બધુ મમત્વ હોય છે કે તે તેને સહેલાઈથી છોડી શકતો નથી. એની પ્રત્યે એટલી લગન હોય છે કે તે તેના મોહ બંધનથી મુક્ત સહેલાઈથી થઈ શકતો નથી. ધન, દોલત, જર જવેરાત અને સુખ સગવડોના સાધનો એટલા બંધાયેલા છીએ, તેના પર એટલા બધા નિર્ભર છીએ, તેની ઉપર એટલા આસક્ત છીએ કે તેનાથી જરા પણ અળગા થઈ શકતા નથી. આની વિરૂધ્ધ કેટલા જણ એવા વિરક્ત ભાવ વાળા હોય છે કે સંસારમાં રહેવા છતાં તેઓ મોહ, માયાના બંધન વચ્ચે પણ જળ કમળ વત ભાવ રાખતા હોય છે.

ભરપૂર જળ વચ્ચે રહેવા છતાં કમળ જલથી અલિપ્ત હોય છે. જાણે જળમાં રહીને તેનો સંગ, રંગ કે એનામાં રાગમાં તે લપટાતો નથી. આવી જ રીતે કેટલાક ત્યાગીઓ, તપસ્વીઓ બધુ છોડીને કોઈને કોઈ વસ્તુઓ સાથે એટલા બંધાયેલા હોય છે. તેમના મનમાં પણ સંસાર ભરાયેલો હોય છે. આ સાચો ત્યાગ નથી. આ તો એક સંસાર છોડીને બીજો અલગ સંસાર ઊભો કરવા જેવું બની જાય છે.

ઘર સંસારનો ત્યાગ કરીને આશ્રમો બનાવી. શિષ્યોના ઘેરામાં રહેવું ભક્તોના ટોળે ટોળાને ભેગા કરવા લકઝરી કારોના કાફલા, વૈભવી જીવનશૈલીના ચક્કરમાં ફસાવવું એ નથી ત્યાગ કે નથી સાદાઈ કે સમર્પણની ભાવના, જીવનમાં ત્યાગ અને તપ ગણત્રીથી ન થાય. શું શું છોડ્યું એની ગણતરી ન હોય. જે કોઈ આડે બંધન હોય તેનાથી સહેજતાથી છૂટવાનું હોય. પણ એટલું ખરું છે કે છોડી દીધેલા બંધનો ફરી પાછા વળગણ બનવા ન જોઈએ. ત્યાગનું ફળ તપ જેવું હોય છે. હાથ વેંત હોય એવા સુખ, ભોગને ત્યાગી તેની તરફથી પીઠ ફેરવી લે છે અને પોતાની પાસેના તમામ ભોગોનો પરિત્યાગ કરે છે તે સાચો અને સંનિષ્ઠ ત્યાગી છે એવું પંડિત સૂત્રમાં ત્યાગી પુરૂષની વ્યાખ્યા કરતા કહેવાયું છે.

## બેંક અકાઉન્ટની વિગત

**For NEFT Transfer**

| | |
|---|---|
| Type of Account | :Saving |
| Account Number | : 002001005497 |
| Name of the Bank | :Shri Arihant Co-op. Bank Ltd. |
| Branch | :Mulund (West), Mumbai - 400 080. |
| Name Account | :Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan |
| For Mobile App Transfer | |
| Our IFSC Code | :ICIC00ARIHT |

**પૈસા મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.**

Draw your cheque in the name of **'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan'** (and payable at par at Mumbai)

**ચેકથી જાહેરાત ભરનારાઓને ચેક 'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan' ના નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવા જોઈએ.**

# શ્રી સમસ્ત ક.દ.ઓ.જૈન મહાજનની દિવ્યાંગ સમિતિની યોજનામાં દાતાશ્રીઓની કૂણી લાગણી

માનવ શરીર સંપૂર્ણતાથી ઈશ્વરનું સર્જન છે. પ્રકૃતિ જેમ પોતાની શોભા વિવિધ ફૂલ, ઝાડ, નદી, પર્વત, પસુ-પક્ષીઓથી નિખારી છે. તે જ પ્રકારે માનવજીવની રચના કરી તેમાં શાન, સમજ અને બુધ્ધિ આપીને કમાલની કૃતિ સર્જી છે.

એટલે જ કુદરત રચિત સૃષ્ટિ સુવાંગ, સુંદર અને શોભાયમાન લાગે છે. એના દ્વારા રચાયેલી કૃતિ અદ્‌ભૂત અને પરિપૂર્ણ હોય છે. કુંભારની જેમ સંઘેડા ઉતાર કલા કરી માટીના ઘડા માવજતથી ઘડનારથી કદીક ચૂક રહી જાય છે. માનવ જીવમાં કંઈ અધૂરપ રહી જાય છે. તે છતાં કોઈ એક અંગની ઓછપ અધૂરાશની કમી કુદરત તેને ઈતર અંગમાં વધુ તાકાત કે બળ આપીને વાળી દે છે.

આવી અપૂર્ણતા ધરાવતા દિવ્યાંગજનો હિંમત હાર્યા વગર નસીબને કોસયા વગર અદ્વિતીય સંઘર્ષથી પરિવારને સમાજમાં પોતાની ખાસ જગા બનાવે છે.

સમસ્ત મહાજનની દિવ્યાંગ સમિતિ આવા વિશિષ્ટજનો ને સહારો આપવા વિવિધ યોજના ચલાવી રહી છે. જેમાં પોતાની મહેનત કલાથી કોઈપણ પ્રકારનું સર્જન કરતા હોય તેમને જાહેર એક્ઝિબિશન સેલમાં વેચાણ માટે સ્ટોલ આપી મદદરૂપ થાય છે. જેથી તેઓ પોતાની પ્રોડક્ટ સમાજ સમક્ષ પ્રદર્શિત કરી શકે, વેંચાણ કરી શકે. હાલે સમિતિ દ્વારા ૧૦ જણને રૂા.૪૦૦૦ માસિક સહાય અપાય છે. જેથી તેમનું જીવન નિર્વાહ સાથે અન્ય ખર્ચ માટે તેઓને પરેશાની ન થાય.

તે ઉપરાંત દિવ્યાંગ પાલક યોજનામાં દાતા અનુદાન આપી ૧ વર્ષ માટે દતક લઈ શકે છે. આ યોજનામાં દાતાઓ મદદરૂપ થયા છે. દાનની રકમ ઈન્કમટેક્ષમાં ૮૦જી અંતર્ગત કર માફીને પાત્ર છે.

કુદરતની અવકૃપા પામેલ આવા વિશિષ્ટજનોને પ્રત્યે ભાવ ભરી લાગણી હૂંફ આપીએ અને દાતા તરીકે દિવ્યાંગ સમિતિની માધ્યમથી તેઓના આધારરૂપ બનીએ અને માનવ અવતારને ઉજાળીએ.

**જ્ઞાતિમૈયા માટે આપના વ્યક્તિગત તેમજ સંસ્થાકીય સમાચારો ફોટા સાથે મોકલાવો**

**Email : gyatimaiya2018@gmail.com**

**Whats App : 93222 57731**

**Read E-Paper http://www.kdosm.org**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**
**3, Anant Siddhi Building, Gr.Floor, LBS Marg, Bhandup (West) Mumbai - 78.**

# એક સાધર્મિક પરિવારએ દિવ્યાંગ પાલક તરીકે સહભાગી થયા




નામ કે ઓળખ જાહેર કર્યા વગર દાન કરવું એટલે ગુપ્ત દાન કહેવાય. જમણો હાથ આપે ને ડાબા હાથને જાણ ન થાય એવી ગુપ્તતા જાળવનાર વિરલ કિસ્સામાં હોય છે. ઉદારતા દાખવવી એ માનવ સમાજ માટે આદર્શ સ્વૈચ્છિક અને માનવતા ભર્યું કર્મ છે. અન્ય પ્રત્યે અનુકંપા દાખવનાર તેને મદદરૂપ થનાર ખરેખર ધન્ય થાય એવું કૃત્ય કરે છે. જે વિરલ ગણાય.

સમસ્ત મહાજનની દિવ્યાંગ સમિતિની દિવ્યાંગ પાલક યોજનામાં એક દિવ્યાંગને એક વર્ષ માટે દત્તક લેવા રૂા.૫૦ હજારનું અનુદાન આપનાર અજ્ઞાત રહેનાર એક સાધર્મિક પરિવારે ઉચ્ચ ધોરણ પ્રણાલી કાયમ કરી છે તેમના સુકૃત્યને નમન કરી દિવ્યાંગ પાલક તરીકે સહારો આપના દાતાની અનુમોદના.

## Anumodana

| Sanjivani Case- 62 Shri Kiran Navinchandra Dharamshi , Moti Khavdi, Mulund | |
|---|---|
| **Emerald Patron** | |
| Matushri (Kasturibai Visanji Dharamshi & Ratanbai Narshi Dharamshi), Suthri, Mulund H: HD Fire Protect Pvt. Ltd. | 5,000.00 |
| Matushri Vijayaben Shantilal Jethabhai Meisheri, Lala,Mulund,(Dubai), H: Tileshbhai & Nileshbhai | 5,000.00 |
| **Lifetime Patron** | |
| Lt. Shri Kooverjibhai Harshi Lodaya , Rapar - Bhandup | 2,000.00 |
| **Platinum Patron** | |
| Swargiya Uttambhai K. Khona (Haste Smt. Khamaben U. Khona) Kothara, Sangli | 2,000.00 |
| Shri Tokarshi Anandji Lalka, Lala, Vashi, Navi Mumbai | 2,000.00 |
| **Diamond Patron** | |
| Smt. Jayuben Ramesh Momaya, Naliya, Atlanta | 2,000.00 |
| Matushri Damyantiben Champshi Lodaya, Sandhav, Ghatkopar, Mumbai | 2,000.00 |
| Lt. Matushri Bhanumati Manilal Dhulla & Late Shri Manilal Shivji Dhulla ,Suthri - Mulund (H:Nirenbhai Shah) | 2,000.00 |
| **Gold Patron** | |
| Lt. Shri Hemraj Lalji Meisheri, Jakhau - Pune | 2,000.00 |
| Matushri Jayavati Hemraj Meisheri, Jakahu - Pune | 2,000.00 |
| Adv. Smt. Minal Bharat Khona, Suthri Navi Mumbai | 2,000.00 |
| Shri Rameshbhai ( Kunvarji ) Meghji Mota, Rapar Gadhvari - Mulund | 2,000.00 |
| Lt. Matushri Manbai Malshi Mota & Pitashri Malshi K. Mota ( H:Kalpnaben Raichand Mota, Kuvapadhar - Selam) | 2,000.00 |
| Smt. Damyantiben & Dilipbhai Kunverji Dand, Varadiaya, Ahmedabad | 2,000.00 |
| **Silver Patron** | |
| Matushri Bayabai Khimji Lodaya ( Kakima ) (Haste : Pradip R. Lodaya), Sayera, Coimbatore | 2,000.00 |
| Smt. Tarabai Laherchand Nagda, Naliya , Ghatkopar | 2,000.00 |
| Shri Litin Navinchandra Lodaya, Nani Khavdi, Coimbatore | 2,000.00 |
| Matushri Navalben Dhanji Nagda, Naliya ( H: Kalpnaben Raichand Mota , Kuvapadhar - Salem) | 2,000.00 |
| **Individual Donations** | |
| Shri Laljibhai Velji Lodaya, Varapadhar - Dombivali | 1,000.00 |
| Smt. Sarlaben Lalji Lodaya, Varapadhar - Dombivali | 1,000.00 |

**Shree Samast KDO Jain Mahajan**

Website: www.kdosm.org Email: Seva@kdosm.org Help: +91 75060 70851

**Thank You Donors for your Generosity & Kindness**

## Anumodana

| Sanjivani Case- 64 Shri Manish Punshi Khona , Rangpur, Dombivli | |
|---|---|
| **Emerald Patron** | **Amount** |
| Mat.(Kasturibai Visanji Dharamshi & Ratanbai Narshi Dharamshi), Suthri, Mulund (H: HD Fire Protect Pvt. Ltd.) | 5,000.00 |
| Matushri Vijayaben Shantilal Jethabhai Meisheri, Lala,Mulund,(Dubai), H: Tileshbhai & Nileshbhai | 5,000.00 |
| **Lifetime Patron** | |
| Lt. Shri Kooverjibhai Harshi Lodaya , Rapar - Bhandup | 2,000.00 |
| **Platinum Donor** | |
| Matushri Gunvanti J. Momaya, Varadia, Banglore | 2,500.00 |
| **Diamond Patron** | |
| Lt. Kumar Dhaval Mayur Lodaya , Motikhavdi, Ghatkopar ( H: Jayaben Motilal Lodaya Pariwar ) | 2,000.00 |
| Lt. Smt. Hemlata Mulchand Nagda (H: Shri Bhavin T. Nagda) Tera, Mumbai | 2,000.00 |
| Lt. Shri Mulchand Visanji Nagda (H: Shri Manikant Visanji Nagda) Tera, Mumbai | 2,000.00 |
| Shri Hans B. Khimji, Tera, Matunga | 2,000.00 |
| Smt. Neetaben Jaldeep Daulat, Las Vegas, USA | 2,000.00 |
| **Gold Patron** | |
| Shri Sunil Khetshi Khona, Sujapur, Surat | 2,500.00 |
| Shri KDO Jain Sarvoday Mandal, Mulund , Mumbai | 1,000.00 |
| Shri Manish Hirji Shah, Sujapur, Dadar | 1,000.00 |
| Parab Shakti Sanjivani Society, Mumbai | 1,000.00 |
| **Individual Donors** | |
| Well Wisher | 2,000.00 |
| Shri Kamlesh Khushalchand Poladia, Pachora | 500.00 |

**Shree Samast KDO Jain Mahajan**

Website: www.kdosm.org Email: Seva@kdosm.org Help: +91 75060 70851

**Thank You Donors for your Generosity & Kindness**

# Anumodana

**Sanjivani Case- 63 Mrs. Sarlaben Shantilal Dand, Sandhav ,Dombivli**

| | |
|---|---|
| **Uranium Patron** | |
| Shri Anantnathji Jain Temple & it's Sadharan Fund Trust - Mumbai | 10,000.00 |
| **Sapphire Patron** | |
| Shri Raichand Hansraj Dharamshi Charitable Trust, Worli, Mumbai | 15,000.00 |
| **Emerald Patron** | |
| Shri Narendra Shamji Dand, Tera - Mulund | 10,000.00 |
| Matushri (Kasruribai Visanji Dharamshi & Ratanbai Narshi Dharamshi), Mulund (H: H.D.Fire Protect Pvt Ltd) | 5,000.00 |
| **Lifetime Patron** | |
| Shri Chattisgarh KDO Jain Gnati Mahajan, Raipur | 3,000.00 |
| Shri Dakshin Bharat KDO Jain Ekkam, Bangalore | 5,000.00 |
| Shri KDO Jain Gnati Mahajan, Hyderabad | 3,000.00 |
| Shri KDO Jain Samaj, Vadodara | 2,500.00 |
| Matushri Purbai Lakhamshi Lalka Charitable Trust, Kutch | 2,500.00 |
| Lt. Shri Kooverjibhai Harshi Lodaya , Rapar - Bhandup | 2,000.00 |
| Shri Kirti Dhanji Dharamshi (M/S. Deluxe Logistics Pvt Ltd.), Bangalore | 2,000.00 |
| Shri KDO Mandal, Dombivli | 2,000.00 |
| **Gold Patron** | |
| Matushri Madhuben Hirachand Dand (H:Ritesh H.Dand), Lala - Mulund | 1,000.00 |
| Smt. Karunaben Motichand Khona , Naliya - Mulund | 1,000.00 |
| Sanghmata Bhartiben Bhagchand Damji Jain Parivar, (H: Jayesh Jain), Kothara - Mulund | 1,000.00 |
| Shri Ramesh Trikamji Soni, Vanku - Wadala | 1,000.00 |
| Matushri Dhanbai Premji Narpar Shah (Lodaya)(H:Tejal Rajesh Shah), Moti Sindhodi, Wadala | 1,000.00 |
| Smt.Manorama Naresh B. Momaya (H:Smt. Anagha V. Shah & Parag N.Shah),Naliya, Ghatkopar | 1,000.00 |
| Shri Sushilbhai Laxmichand Shah, Manjal Reladia - Matunga | 1,000.00 |
| **Silver Patron** | |
| Matushri Vasantiben Navinchandra Narshi Khona, Naliya - Ghatkopar | 1,000.00 |
| Smt. Vijyaben Kooverji Harshi Lodaya, Rapargadhwari - Bhandup | 1,000.00 |
| Lt. Smt. Hiravantiben Manilal Lodaya, Arikhana - Dhulia | 1,000.00 |
| Shri Laxmichand Ratansey Khona, Suthri - Vileparle | 1,000.00 |
| Shri Shantilal Kalyanji Lodaya, Tera - Vadodara | 1,500.00 |
| **Individual Donations** | |
| Smt. Alpa Gautam Dharamshi, Bangalore | 10,000.00 |
| Shri Siddharth Lodaya | 3,000.00 |
| Shri Manish Jayant Shah, Jakhau, Banglore | 2,200.00 |
| Well Wisher | 2,000.00 |
| Well Wisher | 2,000.00 |
| Shri Pankaj Laxmichand Dharamshi | 2,000.00 |
| Shri Lalji Velji Lodaya, Varapadhar, Dombivli | 2,000.00 |
| Smt. Sarlaben Lalji Velji Lodaya, Varapadhar, Dombivli | 2,000.00 |
| Shri Rajendra Umarshi Desai ( Lapasia), Raichur | 1,100.00 |
| Shri Hukamchand Javerchand Dharamsey | 1,000.00 |
| Shri Amit Devchand Jain | 1,000.00 |
| Well Wisher | 500.00 |
| Shri Nitin R. Sayla , Suthri, Dombivli | 500.00 |
| Shri Mehul Chandrakant Vinjhani ( Hefa ) | 500.00 |
| Shri Kamlesh Khushalchand Poladia, Pachora | 500.00 |
| Shri Rohit Jivraj Poladia | 201.00 |

**Shree Samast KDO Jain Mahajan**

Website: www.kdosm.org Email: Seva@kdosm.org Help: +91 75060 70851

**Thank You Donors for your Generosity & Kindness**

# અચલગચ્છાધિપતિ મ.સા.નો આગામી વિહાર કાર્યક્રમ



અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા.નો દેઢિયા સમેત શિખરાવતાર શ્રી ગુણપાર્શ્વનાથ જૈન તીર્થ મધે દીક્ષાબાદ નો વિહાર કાર્યક્રમ મુજબ તા.૪ જૂન, ૫ જૂન શનિવાર, રવિવારના શ્રી ગુણપાર્શ્વનાથ જૈન તીર્થ દેઢિયા, જેઠ સુદ ૭ તા.૬ જૂન સોમવાર હાલાપુર, તા.૭ તથા ૮ જૂન મંગળવાર, બુધવાર સાભરાઈ, સાંજે ગુણ પાર્શ્વનાથ જૈન તીર્થ દેઢિયા બાયઠ, તા.૯ જૂન ગુરૂવાર જેઠ સુદ ૧૦ બાબાવાડી ઉપાશ્રય નૂતન તકતી અનાવરણ, સાંજે ૭૨ જિનાલય, જેઠ સુદ ૧૧ થી ૧૩ તા.૧૦ જૂન શુક્રવારથી તા.૧૨ જૂન રવિવાર તલવાણા થઈ બિદડા, જેઠ સુદ ૧૩ તા. ૧૨ જૂન સાંજે ફરાદી જેઠ સુદ ૧૪ તા.૧૩ જૂન સોમવાર કાંડાગરા સાધ્વીશ્રી નમનકલાશ્રીજીની વડી દીક્ષા.

વિશેષ સંજોગોમાં કાર્યક્રમમાં ફેરફાર થઈ શકે છે. દરેક સંઘો, મહાજનઓએ સંપર્ક કરી કાર્યક્રમ ગોઠવવા. સંપર્ક : ૮૬૯૦૦૮૮૦૩૮.

# ક.દ.ઓ.મંડળ ડોંબિવલીની સહાય યોજનાના લાભાર્થી પરિવાર







શ્રી કચ્છી દશા ઓસવાળ મંડળ ડોંબિવલી દ્વારા મેડિકલ તથા વૃધ્ધ પેન્શન યોજના જેવી જ્ઞાતિજનો માટે ઉપયોગી અને પાયાની જરૂરિયાત જેવી બહુ ઉપયોગી યોજના ચલાવાઈ રહી છે. જેમાં માતુશ્રી સંઘ માતા દમયંતીબેન રતનશી લોડાયા પરિવાર સાંયરા-ઉજ્જૈન લાભાર્થી તરીકે છે.

જ્યારે માતુશ્રી લક્ષ્મીબેન ભવાનજી લોડાયા પરિવાર નલિયા-મુલુંડ તરફથી દર મહિને સાધર્મિક ભક્તિ ભાવનાની રૂએ ૧૧ અનાજની કિટ વર્ષ ૨૦૨૨-૨૩ દરમ્યાન વિતરણ કરાશે. નાના નબળા જનો પ્રત્યેની આ ભલી, ઉદાર અને કાળજી ભરી લાગણી બદલ શ્રી ક.દ.ઓ.મંડળ ડોંબિવલીની સમસ્ત વ્યવસ્થાપક સમિતિએ બંન્ને પરિવારો પ્રત્યે અનુમોદના વ્યક્ત કરી હતી.

# નલિયા નગરે ચાતુર્માસ પ્રવેશના રંગ વધામણાનો ભવ્ય અવસર

જ્ઞાતિ શિરોમણિ શેઠ શ્રી નરશીનાથા પરિવારના સ્વદ્રવ્યથી નિર્મિત શ્રી ચંદ્રપ્રભ સ્વામિ જિનાલયથી મંડિત તથા અન્ય જિનાલયોથી શોભિત કચ્છ પ્રદેશના અબડાસા પ્રાંતના ઐતિહાસિક નલિનપુર નગરે શિવમસ્તુ તીર્થના સ્વપ્ન દ્રષ્ટા એવં પ્રેરક પ.પૂ.મુનિરાજ શ્રી મહાભદ્રસાગરજી મ.સા., શિવમસ્તુ તીર્થ, સમવસરણ જિનાલયના સમર્થ શિલ્પી પ.પૂ.ઉપાધ્યાય ભગવંતશ્રી પૂર્ણભદ્રસાગરજી મ.સા.ના શિષ્ય રત્નો પ.પૂ.પર્વતક શ્રી મલયસાગરજી મ.સા., પ.પૂ. મુનિરાજશ્રી રત્નાકરસાગરજી મ.સા. આદિ ઠાણા ૨ તા.૧ જુલાઈ શુક્રવાર અષાઢ માસ સુદ ૩ના દિવસે ચાતુર્માસાર્થે મંગલ પ્રવેશ કરશે. ચાતુર્માસ દરમ્યાન શ્રી સંઘમાં સૂત્રધિકારે શ્રી ધર્મરત્ન પ્રકરણ ગ્રંથ તથા શ્રી ઋષિ, હતા ચરિત્ર વંચાશે. ગામવાસી ભાઈ બહેનોને પધારવા તથા દર્શન વંદનનો લાભ લેવા શ્રી ક.દ.ઓ.જૈન જ્ઞાતિ મહાજન નલિયાના સર્વે ટ્રસ્ટી ગણવતી સહર્ષ આમંત્રણ છે.

પર્વાધિરાજ પર્યુષણ મહાપર્વ તા.૨૪ ઓગસ્ટ બુધવારથી તા.૩૧ ઓક્ટોબર બુધવાર સુધી આરાધના કરવા ગામવાસી ભાઈ બહેનો, નિયાણી બહેનોને આમંત્રણ છે. પધારનાર ભાવિકોએ તા.૧૫ ઓગસ્ટ સુધી નલિયા પેઢી ઉપર મેનેજર ભાવેશને મો.નં.૭૩૫૯૭૭૧૯૪૯ પાસે નામ લખાવવા. જેથી રહેવાની સગવડ કરવા સરળતા રહે. રહેવાની સગવડ સામૂહિક ધોરણે રહેશે. ચાતુર્માસ તથા પર્યુષણ પર્વના આરાધના ખર્ચેને પહોંચી વળવા રૂા.૨૧ હજારના નકરાથી ગોલ્ડન દાતા અને રૂા.૧૧ હજારના નકરા સિલ્વરદાતાના નક્કી કરેલ છે.

# હૈદ્રાબાદ સિટીના જિનેશ્વર ધામમાં પ્રભુજીના જન્મ અને મોક્ષ કલ્યાણક પ્રસંગે શોભાયાત્રા નીકળી







તેલગંણા રાજ્યના ઐતિહાસિક પાટનગર હૈદ્રાબાદ સિટીના શ્રી અચલગચ્છ જૈન સંઘ જિનેશ્વર ધામમાં દેવાદિદેવ શ્રી શાંતિનાથ પ્રભુજીના જન્મ અને મોક્ષ કલ્યાણકના પાવન દિવસે પ.પૂ.સાધ્વીશ્રી વિજયપૂર્ણાશ્રીજી મ.સા. આદિ ઠાણા ૩ અને પ.પૂ.સાધ્વીશ્રી લક્ષ્યલીનાશ્રીજી મ.સા. આદિ ઠાણા ૩ની પાવન નિશ્રામાં શોભાયાત્રા વરઘોડો ભવ્યતાભેર નીકળ્યો હતો. સંઘના શ્રાવક શ્રાવિકાઓના અદ્ભૂત ઉત્સાહભેરના સહભાગથી અદ્ભૂત ધર્મભાવનો માહોલ જામ્યો હતો.








# કેડીઓ જ્ઞાતિના વિવિધ વિશિષ્ઠ પ્રતિભાશાળી વ્યક્તિઓને કચ્છ શક્તિ રાષ્ટ્રીય એવોર્ડ જાહેર થયા

કચ્છ શક્તિ દ્વારા ૪૨ મા વર્ષના કચ્છ શક્તિ રાષ્ટ્રીય એવોર્ડ જાહેર કરાયા છે. જેમાં હૈદ્રાબાદના પ્રસિધ્ધ ગૌરવ કેટરર્સના ગૌરવ અને હેમાંગ મોમાયાને કેટરર્સ એવોર્ડ, ખામગામના વિકમસી ફેબ્રિક્સના ઉદ્યોગપતિ શ્રીમતી ગિતીકા વિકમસીને ઉદ્યોગરત્ન એવોર્ડ અને વ્યાપાર રત્ન એવોર્ડ ઈન્સ્યુરન્સ ખોજના યશોધન કારાણી અને તેમના બંધુઓને આપવાનું જાહેર થયું છે.

આ એવોર્ડ શુક્રવાર તા.૧ જુલાઈના સાંજે ૬ કલાકે યોગી સભાગૃહ દાદર ઈસ્ટમાં યોજાનાર કચ્છી નવા વર્ષના સમારોહમાં એનાયત કરાશે. એવોર્ડ પસંદગી સમિતિમાં કન્વીનર હેમરાજ શાહ તથા સભ્ય તરીકે તરલા જયંત છેડા, પત્રકાર કનૈયાલાલ જોશી, ડૉ.નાગજી રીટા, એડવોકેટ પીયૂષ એમ શાહ, બિપિન નાગડા અને ચીમન મોતાએ સેવા આપી હતી.

# શ્રી ગુરૂ પુણ્ય ગિરનાર કન્યા ૯૯ યાત્રામાં સંઘપતિ પરિવારોના હસ્તે બહુમાન

શ્રી ગુણપુણ્ય ગિરનાર કન્યા ૯૯ યાત્રામાં પ.પૂ.સાધ્વીશ્રી વિપુલગુણાશ્રીજી મ.સા.ની નિશ્રામાં સંઘપતિ પરિવારોના વરદ હસ્તે કાર્યકર્તા ભાઈ બહેનોનું તા.૨૮ મે શનિવારના દિને ભાવસભર રીતે બહમાન કરવામાં આવેલ. તેઓના જહેમત ભર્યા પરિશ્રમને લીધે ૯૯ યાત્રા સફળતાપૂર્વક સંપન્ન થઈ છે.







## પ.પૂ.મુનિશ્રી ગુણવલ્લભસાગરજી મ.સા.ની દીક્ષાતિથીની અનુમોદના સાથે ૨૧ દિવસીય મૌન તપ જપ સાધનાની પૂર્ણાહુતિ કાર્યક્રમનો વીડીયો

તા.૨ જૂન ગુરૂવાર સવારે ૭ કલાકે શ્રી કવીઓ દેરાવાસી જૈન મહાજનવાડી ચીંચબંદરમાં અચલગચ્છ સંઘના ઓજસ્વી યુવા પ્રવચનકાર પ.પૂ.મુનિશ્રી ગુણવલ્લભસાગરજી મ.સા.ની ૧૮મી દીક્ષા તિથિની અનુમોદના તથા ૨૧ દિવસીય મૌન તપ, જપ, મય સાધનાની પુર્ણાહૂતિનો અદ્ભૂત કાર્યક્રમ પ.પૂ.ગણિવર્ય શ્રી ઉદયરત્નસાગરજી મ.સા.ની નિશ્રામાં શ્રી દક્ષિણ મુંબઈ અચલગચ્છ જૈન સંઘના ઉપક્રમે થયો. આ કાર્યક્રમનો ૨.૩૮ કલાકનો યુટ્યુબ વીડિયો લિંક https://youtu.be/GVZKacFnJK4 ઉપર જોઈ માણી શકાશે. જેનો ઘર બેઠા સૌ લાભ લે.

સંપૂર્ણ કાર્યક્રમના લાભાર્થી શ્રીમતી હેમલતાબેન રસિકભાઈ લખમશી નાગડા પરિવાર ચાંગડાઈ નવી મુંબઈ રહ્યાં હતાં. પંજાબ, મધ્યપ્રદેશ, રાજસ્થાન, ગુજરાત, તેલંગણા અને મહારાષ્ટ્રથી ૫૦૦ ભાવિકો હાજર રહ્યાં હતાં.

## પ.પૂ.સાધ્વીશ્રી સમ્યગદર્શનાશ્રીજી મ.સા.એ સંયમ જીવનના ૪૦ વર્ષમાં પ્રવેશ કર્યો



વિ.સં.૨૦૩૯ જેઠ સુદ ૩ તિથિએ કોઠારાના માતુશ્રી જયાબાઈ લીલાધર ધનજીભાઈ દંડની સુસંસ્કારી પુત્રી સંયમ ભાવના રંગમાં લીન થવાના કોડથી કોઠારામાં અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણોદયસાગરસૂરિશ્વરજી મ.સા.ના હાથે દીક્ષા ગ્રહણ કરી. ગુરૂ પ.પૂ. સા.શ્રી વિશ્વદર્શનાશ્રીજી મ.સા.ના શિષ્યા થઈ પ.પૂ.સાધ્વીશ્રી સમ્યગદર્શનાશ્રીજી મ.સા.ને નામે ઓળખાયા. વિક્રમ સંવત ૨૦૭૮ જેઠ સુદી ૩ તા.૨ જૂન ગુરૂવારના પૂજ્ય સાહેબ સંયમ જીવન પથના ૩૯ વર્ષ પરિપૂર્ણ કરી ૪૦ મા વર્ષમાં પ્રવેશ કર્યો છે ત્યારે તેમની તપ યાત્રા ધર્મ સભર રહી સુર્વણને શતક શીખરે પહોંચે એ શુભકામના.

## શ્રી ક.દ.ઓ.જૈન શ્વે. દેરાસર ટ્રસ્ટ ચાલીસગામમાં કાયમી આયંબિલ આરાધના શરૂ છે

શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન શ્વેતાંબર દેરાસર ટ્રસ્ટી ચાલીસગામ મધે ખાનદેશ રત્નાશ્રી ચાલીસગામ તીર્થોદ્ધારિકા પ.પૂ. સાધ્વીશ્રી જયદર્શિતાશ્રીજી મ.સા. તથા પ.પૂ.સાધ્વીશ્રી હિમાંશુશ્રીજી મ.સા.ની પ્રેરણાથી શ્રી ચાલીસગામ સંઘમાં કાયમી આયંબિલ આરાધના જારી છે.

હાલમાં આ યોજનામાં રૂા.૫૦૦નું યોગદાન આપી જોડાનારા દાતા પરિવાર છે. ૧) માતુશ્રી મધુરીબાઈ ભવાનજી લોડાયા, કોઠારા-ચાલીસગામ ૨) સૌ. મિતલ અંકિત ધુલ્લા, સેવક ભરૂડિયા-ચાલીસગામ તથા સૌ. ઈશિતા પીયૂષ દંડ, દલતુંગી-ડોંબિવલી ૩) ચંદ્રકાંત પદમશી કામાની, મુંબઈ તથા ૪) એક સાધર્મિક ભક્ત.

શ્રી ચાલીસગામ સંઘ આ ચારેય દાતા પરિવારોની અનુમોદના કરી હતી. આ આરાધના યોજનામાં સહભાગી થવા માટે સંપર્ક સૂત્ર હેમંતકુમાર ગુલાબભાઈ નાગડા-૭૭૫૭૦૦૮૦૮૨

## ચોપડા સંઘમાં ચાતુર્માસ પ્રવેશનો માંગલિક કાર્યક્રમ ૪ જુલાઈના દિને

શ્રી ચોપડા જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘમાં શ્રી મુનિસુવ્રત સ્વામીની છત્રછાયામાં નૂતનગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજીના આજ્ઞાનું વર્તિની પ.પૂ.સાધ્વી શ્રી ચારૂલતાશ્રીજી મ.સા.ના શિષ્યા પ.પૂ.સાધ્વીશ્રી મહાપ્રજ્ઞાશ્રીજી મ.સા. આદિ ઠાણા ૪ના ચાતુર્માસ શ્રી સંઘને પ્રાપ્ત થયા છે. ૧૦-૧૦ વર્ષના લાંબા પશ્ચાત બાદ ગુરૂ ભગવંતોનો સંગ યોગ મળવાથી સંઘમાં આનંદ વ્યાપેલ છે.

પૂજ્ય સાહેબોનો ચાતુર્માસ પ્રવેશનો માંગલિક કાર્યક્રમ તા. ૪ જુલાઈ સોમવાર આષાઢ સુદ ૬ના દિને સવાર ૭.૩૦ કલાકે વિદ્યાવિહાર કોલોનીથી પ્રારંભ થશે. આગમન સ્થળ શ્રી મુનિસુવ્રત સ્વામી જૈન મંદિર એવંમ જૈન દાદાવાડી પ્રાંગણ, માંગલિક પ્રવચન સવારે ૮.૧૫ કલાકે, માંગલિક આયંબિલ તપનું આયોજન કરાયું છે. પધારનાર સૌને માટે સાધર્મિયોની નવકારશી માટેની વ્યવસ્થા કરાઈ છે.

માંગલિક ચાતુર્માસ પ્રવેશ પ્રસંગે પધારવાનું આમંત્રણ શ્રી ક.દ.ઓ.મુનિસુવ્રત સ્વામી શ્વે.મૂ.પૂજક જૈન સંઘ ચોપડા તથા શ્રી ભગવાન મહાવીર સંઘ રક્ષણ ટ્રસ્ટ ચોપડા દ્વારા અપાયું છે. વધુ વિગત સંપર્ક દિનેશ લોડાયા-૭૦૨૦૩૪૦૨૪૦, સિતેશ લાલકા-૯૮૮૧૪૧૫૭૫૯, તેજસ લાલકા-૯૦૨૮૭૧૯૨૩૫ તથા રવિન્દ્ર લોડાયા-૯૪૨૩૯૭૬૪૬૦

## પ.પૂ.ઉપાધ્યાય શ્રી પૂર્ણભદ્રસાગરજી મ.સા. વર્ધમાન નગર સંઘમાં પધારયા





ભુજ પરિસરના ભુજોડી નગરના વર્ધમાન નગર સંઘમાં તા.૧ જૂન બુધવાર દિને પ.પૂ.ઉપાધ્યાય શ્રી પૂર્ણભદ્રસાગરજી મ.સા.નું ભવ્ય આગમન થયું. સંઘ તરફથી પૂજ્ય સાહેબનું વાજતે ગાજતે ભાવ સ્વાગત કરાયું હતું.

# ઉપાધ્યાય ભગવંત શ્રી પૂર્ણભદ્રસાગર મ.સા.ના નવ પુસ્તકોનું વિમોચન શિવમસ્તુતીર્થ અને દક્ષિણ મુંબઈ સંઘમાં એક દિવસે થશે

પ્રવચન પ્રભાવક ઉપાધ્યાય ભગવંત શ્રી પૂર્ણભદ્રસાગર મ.સા. લેખિત વિવિધ વિષયોના રસમય સાહિત્યના નવ પુસ્તકોનું અચલગચ્છમાં છેલ્લા કેટલાય વર્ષોના ઈતિહાસમાં સૌ પ્રથમવાર ગૌરવરૂપ ઘટના એટલે એક જ દિવસે કચ્છ તથા મુંબઈ બન્ને સ્થળોએ સોમવાર તા.૧૧ જુલાઈના દિને થશે.

માંડવી પરિસરના શિવમસ્તુતીર્થ મધ્યે ઉપાધ્યાય પદ અનુમોદનના સમારોહમાં તા.૧૧ જુલાઈ સોમવારના દિને વિમોચન થશે બરોબર એજ દિવસે મુંબઈ મહાનગરીના દક્ષિણ મુંબઈમાં સૌ પ્રથમ ચાતુર્માસ કરનાર સાધના સમ્રાટ અધ્યાત્મયોગી પ.પૂ.ગણિવર્ય શ્રી ઉદયરત્નસાગરજી મ.સા. તથા પ.પૂ.યુવાહૃદય સમ્રાટ વિશદ વ્યાખ્યાનકાર મુનિરાજ શ્રી ગુરૂવલ્લભસાગરજી મ.સા.ની નિશ્રામાં પ્રાર્થના સમાજ અચલગચ્છ દક્ષિણ મુંબઈ સંઘના નેજા હેઠળ ચાતુર્માસ મંગળ પ્રવેશ દિને થશે.

આ અદ્‌ભૂત અને અલભ્ય ઐતિહાસિક સર્જતી ઘટનાના સાક્ષી અનુકુળ હોય એ સ્થળે બનવા ભક્તગણને અનુરોધ.

# પ.પૂ.સાધ્વીશ્રી આનંદકિરણાશ્રીજી મ.સા.નો સંયમ જીવનના રજત વર્ષમાં પ્રવેશ થયો



કચ્છ કોઠારાના માતુશ્રી જયાબેન ટોકરશી શામજી લોડાયાના બચપણથી ધર્મ, આસ્થા, તપ, ત્યાગ અને આરાધનામાં લીન રહેતી પુત્રી સંવત ૨૦૫૪ જેઠ સુદ ૨ તિથિ દિને ડોંબિવલી નગરે અચલગચ્છાધિપતિ પ.પૂ. આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરિશ્વજી મ.સા.ના હાથે દીક્ષા ગ્રહણ કરી અને પ.પૂ.સાધ્વીશ્રી અર્હત કિરણાશ્રીજી મ.સા.ના શિષ્યા તરીકે પ.પૂ.સાધ્વીશ્રી આનંદકિરણાશ્રીજી મ.સા.ની નૂતન ઓળખ પામ્યા.

વિક્રમ સંવત ૨૦૭૮ જેઠ સુદ ૨ બુધવાર તા.૧ જૂન ૨૦૨૨ના દિને પૂજ્ય સાહેબ સંયમ જીવન પથ પર ૨૪ વર્ષનો અવિરત પ્રવાસ પૂર્ણ કરી ૨૫મા રજત વર્ષમાં પ્રવેશ કર્યો. તેઓ શ્રીનું તપોજીવન આવી જ રીતે ધર્મ, તપ આરાધનાથી લિપ્ત રહી સુવર્ણ, હીરકથી આગળ વધી શાતાપૂર્વક શતક શિખરે બિરાજે એ જ મંગળ કામના, શુભ ભાવના સાથે વંદન વારંવાર.

# પ.પૂ.સાધ્વીશ્રી સંયમ પ્રિયાશ્રીજી મ.સા.નો સંયમ જીવનના છઠ્ઠા વર્ષમાં પ્રવેશ



નાની સિંધોડીના માતુશ્રી શિલ્પાબેન દીપક દેવશી મૈશેરીની દુલારી દીકરી વિક્રમ સંવત ૨૦૭૩ના જેઠ સુદ ૨ તિથિએ ડોંબિવલી નગરે સંયમ સંકલ્પ બળે અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.ના હસ્તે દીક્ષા ગ્રહણ કરી. ગુરૂનામ પ.પૂ.સાધ્વીશ્રી કલ્પપ્રિયાશ્રીજી મ.સા. દીક્ષા જીવનનું નામ પડ્યું પ.પૂ.સાધ્વીશ્રી સંયમ પ્રિયાશ્રીજી મ.સા.

પૂજ્ય સાહેબ સંવત ૨૦૭૮ના જયેષ્ઠ સુદ ૨ બુધવાર તા.૧ જૂનના સંયમ જીવનના ૫ વર્ષ પૂર્ણ કરી ૬ ઠા વર્ષમાં પગરણ પાડ્યા છે. તેઓશ્રીનું તપોજીવન ધર્મતપ આરાધનામાં રમમાણ રહી સુખ શાતાપૂર્વક આગળ અવિરત પણે રહે એજ મંગળ કામના ભરી આરાધના સાથે વંદના.

## પ.પૂ.સાધ્વીશ્રી વિપુલગુણાશ્રીજી મ.સા. આદિ ઠાણાનો કચ્છ તરફનો વિહાર પ્રારંભ

ગિરનાર મહાતીર્થમાં કન્યાઓની યશસ્વી ૯૯ યાત્રામાં નિશ્રા આપી પ.પૂ.સાધ્વી શ્રી વિપુલગુણાશ્રીજી મ.સા. આદિ ઠાણાનો તા.૧ જૂન બુધવાર દિને કચ્છ તરફનો વિહાર પ્રારંભ થયો છે. સંપર્ક સૂત્ર ઈશ્વરભાઈ-૯૫૧૮૭૪૬૭૨૫

## જલગામ સંઘ મુથા પરિવારની અનેરી દિલેરીથી ગૌરવંતિત થયો છે

મહારાષ્ટ્ર રાજ્યના ખાનદેશ પ્રાંતના જલગામ નગરના શ્રી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક શ્રી સંઘમાં એક અદ્‌ભુત અને અલૌકિક ઘટના ઘટી. અત્રેના સુસંસ્કારી ધર્માનુરાગી દાતા પરિવાર શ્રીમાન શ્રી લખીચંદજી લાલચંદજી મુથા પરિવારએ સ્થાવર તીર્થના ઉધ્ધાર હેતુ આ પરિવારના વડીલ બંધુ મદનલાલજી મુથા એ પોતાની સંપત્તિને મહાલક્ષ્મી બનાવવા વિશાળ અને સરળ સહૃદય સાધર્મિક વ્યક્તિત્વનો પરિચય આપતા તા.૧ જૂન બુધવાર જ્યેષ્ઠ સુદ બીજના દિને ભૂમિપૂજન તથા ખનન વિધિના પાવન અને મંગલ કાર્યક્રમનો સંપૂર્ણ લાભ મતલબ કે બધા જ ચડાવા જેમાં ભૂમિપૂજન, નવગ્રહ પાટલા પૂજન, અષ્ટ મંગલ પૂજન, આરતી તથા મંગલ દીવો, શાંતિ કલશના ચડાવા લઈને શ્રી સંઘના મહાલાભાર્થી તરીકે શોભાયમાન થયા.

તે ઉપરાંત આ પણ હજુ ઓછું છે એમ સમજી સુંદર શિખર ઉપર સુવર્ણ કળશ ચઢાવવા કાર્ય એટલે કે ખનન વિધિનો ચડાવો પણ મુથા પરિવારે લઈને પોતાનું નામ શ્રી જલગામ સંઘના ઇતહાસના પુષ્ઠોમાં સ્વર્ણિમ અક્ષરોથી અંકિત કર્યું. આમ સાત પેઢી માટે ગૌરવાંકિત સત્કાર્ય કર્યું છે. આવા મહાદાની, પુણ્યશાળી ભાગ્યશાળી મુથા પરિવારની શ્રી સંઘએ ભૂરી ભૂરી અનુમોદના કરી અને સહૃદયપૂર્વક શુભકામના આપી કે શ્રી સંઘના સર્વે સભ્યો માટે તેઓનું સત્કાર્ય અનુકરણીય ઉદાહરણ બની રહેશે.

## યુવા પ્રભાવી પ્રવચનકાર પ.પૂ.શ્રી ગુણવલ્લભસાગરજી મ.સા.ને સંયમ જીવનના ૧૮મા વર્ષમાં પ્રવેશ



બગડાના માવિત્ર નયનાબેન રમેશભાઈ દેઢિયાના શિક્ષિત, સુસંસ્કારી અને ધર્મભાવના રંગે રંગાયેલ સચીન નામના પુત્રએ સંયમનો સંકલ્પ લઈ વિક્રમ સંવત ૨૦૬૧ના જેઠ સુદ ત્રીજ તિથિએ ભાંડુપ નગરમાં અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણોદયસાગરસૂરિશ્વરજી મ.સા.ના હસ્તે દીક્ષા ગ્રહણ કરી અને ગુરૂ ગણિવર્ય પ.પૂ.શ્રી ઉદયરત્નસાગરજી મ.સા.ના શિષ્ય થયા અને પ.પૂ.શ્રી ગુણવલ્લભસાગરજી મ.સા. તરીકેની ઓળખ પામ્યા.

વિક્રમ સંવત ૨૦૭૮ ગુરૂવાર તા.૨ જૂન જેઠ સુદી ત્રીજ તિથિ દિને પૂજ્ય સાહેબ સંયમ જીવનના ૧૭ વર્ષ પરિપૂર્ણ કરી ૧૮મા વર્ષમાં ભવ્યતાપૂર્ણ રીતે પ્રવેશ કર્યો. પૂજ્ય મહારાજ સાહેબ ભાવિના વર્ષોમાં પ્રભાવક પ્રવચન વાણી-વ્યાખ્યાનથી આજની યુવા પેઢી સાથો સાથ વડીલજનોને ધર્મ, તપ અને આરાધના ભક્તિની બોધવાણીથી જ્ઞાન અને સમજથી સભર કરે અને રજત, સુવર્ણ સીમા ઓળંગી હીરકથી આગળ શતક શિખરે બિરાજી સંયમ જીવનને સાર્થક કરે એ જ અભિલાષા સાથે વંદન હજાર.


જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો

| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
|---|---|---|---|---|---|---|
| આખું પાનું | 155 x 225 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધું પાનું | 155 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા

# પ.પૂ.સાધ્વીશ્રી સંયમગુણાશ્રીજી મ.સા. આદિ ઠાણા ૪નો યવતમાલ તરફ વિહાર આગળ વધી રહ્યો છે





તા.૩૧ મે મંગળવારના દિને મલકાપુરથી પ.પૂ.સાધ્વીશ્રી સંયમગુણાશ્રીજી મ.સા. આદિ ઠાણા ૪નો વડનેર સુધી ૧૪.૫ કિ.મી. વિહાર થયો. આગળ ખામગામ થતા પૂજ્ય સાહેબોનો યવતમાલ તરફ વિહાર આગળ વધશે.

## સુરત નગરમાં તા.૧ જૂલાઈના દિને ભવ્ય ચાર્તુમાસ પ્રવેશ થશે

ધર્મ આરાધના અને સંસ્કારી નગરી સુરતની ધન્ય ધરા પર સુરત અચલગચ્છ જૈન સંઘના પાવન આંગણે તા.૧ જુલાઈ શુક્રવારના રોજ સવારે ૮ કલાકે ગુરૂ ગુણ કૃપાપાત્ર કચ્છ કોહિનૂર મારવાડ રત્ન મરૂધર કેસરી શ્રી ગૌતમ ગુણ વિહાર તીર્થ પ્રેરક પ.પૂ.ગણિવર્ય શ્રી કમલપ્રભસાગરજી મ.સા. આદિ ઠાણાનો ચાતુર્માસ મંગલ પ્રવેશ થશે.

ચાતુર્માસ સ્થળ શ્રી શાંતિનાથ ઉપાશ્રય, મોર્ડન ટાઉનશીપ, કબૂતર ચૌક, પર્વત પાટિયા સુરત. સંપર્ક સૂત્ર અધ્યક્ષ રતનજી વડેરા-૯૩૨૭૪૭૬૮૫૭, સચિવ ગૌતમ બોહરા-૯૮૨૫૨૮૦૩૦૬




## મંજલ રેલડીયા સંઘમાં પર્યુષણ પર્વ આરાધના માટે ભાવભર્યું આમંત્રણ

મંગલમય મંજલ રેલડીયા મધે તા.૨૪ ઓગસ્ટથી તા.૧ સપ્ટેમ્બર સુધી પર્યુષણ પર્વ આરાધના પ.પૂ.સાધ્વીભગવંતોની પાવન નિશ્રામાં થશે. શ્રી આદેશ્વર મહારાજ જૈન દેરાસર ટ્રસ્ટ અને શ્રી મંજલ રેલડીયા અચલગચ્છ જૈન સંઘના ટ્રસ્ટીઓએ મહામૂલા અસરે તપ જપ આરાધના દ્વારા કર્મ નિર્જરા કરી પુણ્યનું ભાથું બાંધવા સૌના સાથ સથવારે સહકારથી સફળતાના સોનેરી સોપાન સર કરવા સંયુક્ત રીતે ઉજવવાનું નક્કી કરેલ છે.

પધારનાર પોતાની ટિકીટો સત્વરે બુક કરી જાણ કરશો બહાર ગામથી પધારનાર માટે વહેલો તે પહેલોના ધોરણે નિવાસની વ્યવસ્થા કરવામાં આવશે. સંપર્ક સોમચંદ ધરમશી-૯૭૨૬૭૭૬૬૨૭, મંગલ લાલકા (મેનેજર)-૯૭૨૭૩૨૬૯૪૭

# ડોંબિવલી (વેસ્ટ)ના મુનિસુવ્રત સ્વામી જિનાલયનો છઠ્ઠો ધ્વજારોહણ મહોત્સવ આનંદ ઉમંગભેર થયો







શ્રી અચલગચ્છ જૈન સંઘ ડોંબિવલી વેસ્ટના શ્રી મુનિ સુવ્રત સ્વામી ચૌમુખજી જિનાલયે તા.૩ જૂન શુક્રવારના રોજ સવારે ૮.૩૦ કલાકે સતર ભેદી પૂજા સહ છઠો ધ્વજારોહણ મહોત્સવ ભવ્યતાથી ધર્મ આરાધનાઓ સાથે પ.પૂ.શ્રી જગવલ્લભસાગરજી મ.સા.ની નિશ્રામાં પ્રવીણ સાવલાના સથવારે ઉજવાયો.

ધ્વજારોહણનો લાભ તથા સાધર્મિક ભક્તિનો લાભ લેનાર લાભાર્થી સંઘ માતા ધનલક્ષ્મીબેન ચંદ્રકાંત હંસરાજ લોડાયા, વારાપધ્ધરએ લીધેલ. સંઘએ લાભાર્થી પરિવારના સુકૃતની અનુમોદના કરી હતી.








# વાપીના શ્રી વિમલનાથ જિનાલયનો ધ્વજારોહણ મહોત્સવ સંપન્ન





ગુજરાતની ઔદ્યોગિક નગરી વાપીના મહાવીર નગર શ્રી વિમલનાથ દાદા જિનાલયના ૨૮મો ધ્વજારોહણ મહોત્સવ તા.૩ જૂન શુક્રવારના સતરભેદી પૂજા સહિત ધર્મ આરાધનાઓ સાથે ઉજવાયો. બપોરે સાધર્મિક ભક્તિનું આયોજન લાભાર્થી પરિવાર માતુશ્રી હીરબાઈ મેઘજી સાવલા પરિવાર કોટડી મહાદેવપુરી તથા માતુશ્રી મકાબેન કાનજી ગાલા પરિવાર ગઢશીશા દ્વારા થયું હતું.




## વ્યક્તિનો વિકાસ એટલે જ્ઞાતિની સમૃદ્ધિ

શ્રી સમસ્ત મહાજનની મિડીયા પ્રસાર સમિતિ દ્વારા બીટુબી ના સહયોગથી એક નવો પ્રકલ્પ શરૂ કરવા જઈ રહ્યા છીએ. આમાં તમે મુશ્કેલ પરિસ્થિતિઓ સામે ખંત ખમીર અને સાહસથી લડીને વ્યવસાય વિકસાવ્યો છે. આપ હુનરને આગળ વધાર્યો છે અને પરિવાર માટે આવકનો સ્રોત ઉભો કર્યો છે. એ પ્રેરણા ભરી વાતો જેમાં ક્યા સંજોગોમાં વ્યાપાર ધંધો શરૂ કર્યો, કેવી તકલીફો સહન કરી આગળ વધ્યા એ બધી વાતો જ્ઞાતિજનો સુધી પહોંચાડવા અને તેમાંથી સૌ કોઈ પ્રેરણા લે એ પ્રયોજનથી જ્ઞાતિમૈયા ઈ મેગેજીનમાં પ્રગટ કરાશે. તો કૃપા કરીને આપેલ લિંક ઓપન કરી ફોર્મમાં વિગતવાર માહિતી આપશો એ વિનંતી.

**અહીયા ક્લીક કરીને વિગતવાર માહિતી આપીને આ ફોર્મ ભરો**



# વતનજા વાવડ ...



– સં. રાજન ચંદે 'ધૂની'

● અંજાર તાલુકાના નગાવલાડિયા ગામની મહિલાઓની ગ્રામ સભામાં જે મહિલાના પતિનું અવસન થાય તે કાળા કપડા પહેરે તે બંધ કરી ગામમાં અન્ય બહેનોની જેમ સામાન્ય પહેરવેશ પહેરી શકશે તેમજ ઘરેણાં દાગીના પહેરી શકશે એવો નિર્ણય થયો હતો. અગાઉ ગામની કોઈ વ્યક્તિનું મરણ ગામની બહાર કોઈ હોસ્પિટલમાં કે અકસ્માતમાં થાય તો તેવી વ્યક્તિના શબને ગામ બહાર રાખવાનો રિવાજ હતો તે બંધ કરી તેની અંતિમયાત્રા તેમના ઘર આંગણેથી નીકળે તેવો નિર્ણય કરાયો હતો. ગ્રામ પંચાયત દ્વારા મહિલાઓ સ્મશાન યાત્રામાં હાજરી આપ્યા બાદ સ્નાન કરી શકે તે હેતુથી સ્નાન ઘાટની વ્યવસ્થા કરાઈ છે. તેમજ નવરાત્રી જેવા પ્રસંગોમાં મહિલાઓ ગાયન ક્ષેત્રે આગળ આવવા પ્રોત્સાહિત કરવામાં આવી તેમજ ગામની બચત અને ધિરાણ મંડળીના સહયોગથી દરેક ઘરે ૨૦ લિટર મિનરલ વોટર પહોંચી શકે તેવી વ્યવસ્થા કરવામાં આવી છે.

● કચ્છના ઈન્ડિયન મેડિકલ એસોસિએશનના ઈતિહાસમાં પ્રથમ વાર આઈ.એમ.એ. ભુજની સઘળી કમાન મહિલાઓના હાથમાં સોંપી તબીબી આલમે મહિલા સશક્તિકરણની અનોખી મિસાલ પૂરી પાડી છે. જે સંભવત સમગ્ર દેશના આઈ એ એમના ઈતિહાસમાં આ પ્રકારની પહેલ થઈ હોય એવું પ્રથમવાર બનવાની ધારણા છે. આ અગાઉ આઈ.એમ.એ.નું પ્રમુખપદ અગાઉ ડૉ. દમયંતીબેન કે.ગણાત્રા સંભાળી ચૂક્યાં છે. નવા પ્રમુખ તરીકે ડૉ. હેમાલી મુકેશભાઈ ચંદે, ઉપપ્રમુખ ડૉ. પન્નાબેન રૂડાણી, મંત્રી તરીકે ડૉ.રૂપાલીબેન મોરબિયા જ્યારે ખજાનચી તરીકે ડૉ.જિજ્ઞાબેન ઉપાધ્યાય કારોબારીમાં સ્થાન પામ્યા છે.

● તાજેતરમાં રિલીઝ થયેલી ફિલ્મ ચહેરેમાં અંજારના ગીતકાર ફરહાન મેમણે લખેલું રંગ દરિયાગીતને સારો પ્રતિસાદ મળ્યો છે. નાનપણથી કવિતા અને શાયરીમાં રૂચિ ધરાવતા અને કોલેજ કાળમાં કાવ્ય હરિફાઈમાં રાજ્યકક્ષા સુધી ભાગ લેનાર આ કચ્છી શાયરે સોશ્યલ મીડિયાના માધ્યમથી બોલીવુડમાં એન્ટ્રી થવાની ખુશી જતાવી હતી. સિનેજગતના મહાનાયક અમિતાભ બચ્ચનને પણ આ ગીત ગમ્યું હતું. ભવિષ્યમાં એ.આર. રહેમાન જેવા સંગીતકાર માટે ગીત લખવાની ઈચ્છા વ્યક્ત કરી હતી. આ ઉપરાંત તેમના જુગ્નુ અને મહેરમ નામના આલ્બમ ગીતો રજૂ થયાં છે.

● ૨૦૦૧ના વિનાશક ભૂકંપમાં અંજારના ખત્રી ચોકમાં મૃત્યુ પામેલા વિદ્યાર્થીઓની સ્મૃતિમાં કરૂણાંતિકા સ્થળે અંજાર નગરપાલિકા દ્વારા પ્રાર્થના સભા હોલ સાથે સ્મારક બનાવવાનું નક્કી થયું છે. આ માટે ઈજનેર પૂજારા વિનામૂલ્યે સેવા આપી ડિઝાઈન તૈયાર કરી રહ્યાં છે. આ વિશે વાલી મંડળ સાથે વિચાર વિમર્શ થઈ ચૂક્યો છે. ભૂતકાળ સમયે આ સ્થળે અમેરિકાના તત્કાલીન પ્રમુખ બિલ કિલન્ટને પણ મુલાકાત લીધી હતી. હાલમાં અંજારમાં વીડી ચાર રસ્તા પાસે ૭ કરોડથી વધુ રકમના ખર્ચે વીર બાળભૂમિ સ્મારક આકાર લઈ રહ્યું છે. જેનું કાર્યગતિમાં છે.

● ઉતરાખંડના ચારધામ સહિત હરિદ્વારમાં ગંગા સ્નાન તેમજ કથા આયોજન અને તીર્થે યાત્રા કરવા કચ્છમાંથી મોટી સંખ્યામાં આવન જાવન થાય છે પણ કચ્છથી હરિદ્વાર પહોંચવા ત્રણ ટ્રેન બદલવી પડતી હોવાથી ભુજથી હરિદ્વારને જોડતી જોડતી સીધી રેલવે શરૂ કરવા કચ્છના ૧૭ જેટલા વિવિધ સમાજ અને સંસ્થાઓની માંગને પગલે અખિલ ભારત ગુજરાતી સમાજે આ પ્રશ્ને ઉકેલવા બીડું ઝડપી કેન્દ્રીય રેલમંત્રીને લેખિત રજૂઆત કરી રૂબરૂ મળવા સમય માંગ્યો છે. હરિદ્વારમાં કચ્છી આશ્રમ સ્થપાયો છે. જેનો દેશભરના તીર્થ યાત્રિકો મોટો પાયે લાભ લે છે. ઉપરોક્ત રજૂઆતમાં હરિદ્વાર સ્થિત કચ્છી લાલ રામેશ્વર આશ્રમ અન્નક્ષેત્ર ટ્રસ્ટના ટ્રસ્ટીગણ પણ ભુજથી હરિદ્વાર આવન જાવન માટે સીધી ટ્રેન સેવા સત્વરે શરૂ કરાય તેવી રેલ મંત્રાલય પાસે લાગણી વ્યક્ત કરી હતી.



Sure Safety
Complete Safety Solutions
ONE STOP SAFETY SOLUTION PROVIDER
ALL INDIA DEALERS WANTED
Drive your growth with India's biggest PPE brand SAVIOUR
Freedom Helmet
Saviour Electric Arc Suit
Saviour Safety Harness
Saviour Foldable Ear Muffs
Di-electric Boots
Saviour Work-wear Cotton Coverall
Saviour Safety Glasses
Flash Lights
Saviour 'PRO' BA Set with Composite Cylinder
Saviour Chem Pro Gloves
N95 Mask
Saviour Lion Safety Shoes
We manufacture India's biggest & most trusted PPE brand SAVIOUR
Reliable | Transparent | Assured Guarantee
SAVIOUR
Performing PPE
Contact: + 91 8511495152 | sales@suresafety.com | www.suresafety.com

Diamond manufacturers,
Exporter's & Importer's
Exclusive designer jewellery
Dealing with EF - VVS quality
Own manufacturing unit in Mumbai & Chennai

GJF Life Member




# 128, Cathedral Road, No.2, 5 th Floor Crown Court Building, Chennai-600 086.

For Business Queries : 044-4314 1444 / 1555

www.shubhdiamonds.com E.Mail: seema@shubhdiamonds.com

-: શુભેચ્છા સહ :-

માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર

(ગામ - સાયરા)